બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ભલો સમરૂની




લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus

અનુકૂલન : Ruth Klassen; Sarah S.
Alastair Paterson

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી



નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada



©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.




રાબ્બી! અનંતજીવન પામવા માટે શું કરવું જોઈએ? જે વ્યક્તિએ ઈસુને પ્રશ્ન પૂછ્યો તે એક કાયદાશાસ્ત્રી હતો. તે ઈસુને ફસાવવા માંગતો હતો. “ઈશ્વરનો નિયમ શું કહે છે?”



ઈસુએ પ્રત્યુત્તર દીધો.


“ઈશ્વર પર તથા તારા
પડોશી પર પ્રેમ કર”
તે માણસે કહ્યું, “પણ
મારો પડોશી કોણ છે?”
તેણે પૂછ્યું.
3


આ માણસને જવાબ આપવા માટે ઈસુએ એક વાર્તા કહી કે જેમાં એક
માણસ યરૂશાલેમથી યરોખો જઈ રહ્યો હતો.
તે માણસ ઉપર ચોરોએ
હુમલો કર્યો.
4


આ ચોરો માણસ પાસેથી જે કાંઈ મળે તે સર્વસ્વ લૂંટી ગયા,
દુર્ભાગ્યે તેના કપડાં પણ કાઢી લઈ ગયા. તેઓએ તેને પુષ્કળ
માર માર્યો અને તેને રસ્તાની બાજુ પર અધમૂઓ
મૂકીને ચાલ્યા ગયા.
5


ઈશ્વરયોગે એ રસ્તા પર એક યાજક આવી પહોંચ્યો.
તે એ માણસને ખરેખર મદદ કરી શકે તેમ
હતો. ના! તેણે એ માણસને
લોહીલૂહાણ
જોયો ત્યારે તે રસ્તાની બીજી કોરેથી નીકળી ગયો.
6


થોડા સમય પછી અવાજ કરતાં બીજા પગલાં સંભળાયા. જેમ કે કોઈ
આવી રહ્યું હોય. તે હતો લેવી- જે મંદિરમાં યાજકોને મદદ કરતો
હતાં. તેણે એ ઘવાયેલા માણસને જોયો, પણ તે તેને
મદદ કર્યા વગર પોતાને
રસ્તે પડી ગયો.
7


આખરે ત્યાં એક સમરૂની આવી પહોંચ્યો. યહૂદી લોકો
આ સમરૂની લોકોને ધિક્કારતા હતા.
8


જે લોકો તેને સાંભળી રહ્યા ંહતા તેઓ એની આશા ન રાખતા હતા કે આ સમરૂની આ વાર્તામાં મુખ્ય નાયક (હીરો) બની શકે. પણ તે હીરો હતો. આ સમરૂનીએ તે ઘવાયેલાને ધ્યાન દઈને તે ત્યાં મદદ કરવા રોકાયો.
9
આ સમરૂની ઘૂંટણે પડ્યો કોમળતાથી તેણે તેને દવા લગાવી અને ઘવાયેલા અજાણ્યા વ્યક્તિને મલમપટ્ટી કરી. ત્યારબાદ તેણે તે ઘવાયેલા વ્યક્તિને પોતાના ગધેડા પર મૂકી લઈ ગયો.
10
ત્યાં રસ્તા પર આવેલી ધર્મશાળામાં, આ સમરૂનીએ તેની આખી રાત સંભાળ લીધી.
11
બીજા દિવસની સવારે તેણે ધર્મશાળાના પાલકને નાણાં ચૂકવ્યા અને કહ્યું કે હું પાછો આવુ ત્યાં સુધી તેની સંભાળ રાખજે.
12
અહીં વાર્તા પૂરી થઈ. ઈસુએ પૂછ્યું, “આ ઘવાયેલા વ્યક્તિ માટે પડોશી કોણ હતો?”
13
એ કાયદાશાસ્ત્રીએ જવાબ દીધો. “તેનો પાડોશી એ સમરૂની હતો જેણે ઘવાયેલા પર પોતાની દયા દેખાડી.”
14

“તું પણ જઈને તેમ કર.” ઈસુએ તેને કહ્યુ. જે કોઈ વ્યક્તિ જરૂરીઆતમાં હોય અને તેને મદદ કરીએ તે આપણો પાડાશી કહેવાય. આપણે પણ જે કોઈ લોકો, જેઓને આપણી જરૂરીઆત છે તેમને મદદ કરવી જોઈએ. જે ઈશ્વરને પસંદ પડે છે.



15

ભલો સમરૂન્નીી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

લુક ૧૦

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

16

# સમાપ્ત

46 60

17

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬

18